રાજકોટ મહાનગરપાલિકા
ભરતી અંગેની જાહેરાત

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા તા.૦૬/૦૩/૨૦૨૬ થી ૨૦/૦૩/૨૦૨૬ દરમ્યાન આપવામાં આવેલ એડીશનલ ચીફ ફાયર ઓફિસરની ભરતીની કાર્યવાહી અનિવાર્ય કારણોસર રદ્દ કરવામાં આવેલ છે. જેથી સદરહુ એડીશનલ ચીફ ફાયર ઓફિસરની ખાલી જગ્યા નવેસરથી ભરવા તા.૩૧/૧૦/૨૦૨૬ થી તા.૧૬/૧૧/૨૦૨૬ સુધીમાં ફક્ત ઓનલાઈન માધ્યમથી (www.rmc.gov.in) અરજીઓ મંગાવવામાં આવે છે.

ક્રમ	જગ્યાનુ નામ	કુલ જગ્યા	કક્ષાવાર જગ્યાઓ					કક્ષાવાર જગ્યાઓ પૈકી મહિલાઓ માટે અનામત જગ્યાઓ					દિવ્યાંગતા ધરાવતા ઉમેદવારો	કુલ જગ્યાઓ પૈકી માજી સૈનિક
			બિનઅનામત	આ.ન.વ.	સા.શૈ.પ.	અનુ. જાતી	અનુ. જન જાતી	બિનઅનામત	આ.ન.વ.	સા.શૈ.પ.	અનુ. જાતી	અનુ. જન જાતી		
૧	એડીશનલ ચીફ ફાયર ઓફિસર	૦૧	૦૧	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦

ઉક્ત કેડરની લાયકાત, પગારધોરણ, વયમર્યાદા તેમજ અન્ય સંલગ્ન માહિતી માટે વેબસાઈટ www.rmc.gov.in પરથી જાહેરાત અંગેની સૂચનાઓ: એનેક્ષર-એ ડાઉનલોડ કરી વિગતો મેળવવી.

(સહિ:મહિપાલસિંહ ચુડાસમા, IAS)
નાયબ કમિશનર(મહેકમ)
રાજકોટ મહાનગરપાલિકા

રાજકોટ મહાનગરપાલિકા

જાહેરાત અંગેની સૂચનાઓ: એનેક્ષર-એ

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા તા.૦૬/૦૩/૨૦૨૬ થી ૨૦/૦૩/૨૦૨૬ દરમ્યાન આપવામાં આવેલ એડીશનલ ચીફ ફાયર ઓફિસરની ભરતીની કાર્યવાહી અનિવાર્ય કારણોસર રદ્ધ કરવામાં આવેલ છે. જેથી સદરહુ એડીશનલ ચીફ ફાયર ઓફિસરની ખાલી જગ્યા નવેસરથી ભરવા તા.૩૧/૧૦/૨૦૨૬ થી તા.૧૬/૧૧/૨૦૨૬ સુધીમાં ઉમેદવારો પાસેથી કેટેગરી વાઈઝ ઓનલાઈન અરજીઓ મંગાવવામાં આવે છે. આ માટે ઉમેદવારોએ www.rmc.gov.in પર તા.૩૧/૧૦/૨૦૨૬ થી તા.૧૬/૧૧/૨૦૨૬(૨૩.૫૯ કલાક) સુધીમાં લોગીન કરી અરજી કરવાની રહેશે. તેમજ ઓનલાઈન ફી ભરવાની છેલ્લી તા.૧૬/૧૧/૨૦૨૬(૨૩.૫૯ કલાક) સુધીની રહેશે.

શૈક્ષણિક લાયકાત અને પગારધોરણ :

ક્રમ	જગ્યાનું નામ	કુલ જગ્યા	કક્ષાવાર જગ્યાઓ					કક્ષાવાર જગ્યાઓ પૈકી મહિલાઓ માટે અનામત જગ્યાઓ					દિવ્યાંગતા ધરાવતા ઉમેદવારો	કુલજગ્યાઓ પૈકી માજી સૈનિક
			બિનઅનામત	આ.ન.વ.	સા.શૈ.પ.	અનુ. જાતી	અનુ. જન જાતી	બિનઅનામત	આ.ન.વ.	સા.શૈ.પ.	અનુ. જાતી	અનુ. જન જાતી		
૧	એડીશનલ ચીફ ફાયર ઓફિસર	૦૧	૦૧	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦

એડીશનલ ચીફ ફાયર ઓફિસરની લાયકાત :

(a) possess–
(i) a Bachelor's degree obtained from any of the Universities established or incorporated by or under the Central or a State Act in India; or any other educational institution recognised as such or declared to be deemed as a University under section 3 of the University Grants Commission Act, 1956; and Completed the Divisional Officers Course or the Fire Prevention course recognised by the National Fire Service College, Nagpur; or
(ii) a degree of Bachelor of Engineering (Fire) / Bachelor of Technology (Fire)/Bachelor of Engineering (Fire and safety) / Bachelor of Technology (Fire and safety)/ Bachelor of Science (Fire)/ Bachelor of Science (Fire&Safety)/B. Tech Fire & Environment, Health, Safety(F&EHS) obtained from any of the Universities established or incorporated by or under the Central or a State Act in India; or any other educational institution recognized as such or declared to be deemed as a University under section 3 of the University Grants Commission Act, 1956;
(b) have about eight years' service experience in a whole time in the field of Fire Brigade out of which five years' experience on the post which can be considered equivalent to the post not below the rank of Station Officer or Assistant Divisional Officer in Government/Local bodies / Government Undertaking Board/ Corporation/Limited Company established under the Companies Act, 2013;
(c) possess the basic knowledge of computer application as prescribed in the Gujarat Civil Services Classification and Recruitment (General) Rules 1967;
(d) possess physical and medical standards as mentioned in Appendix A; and
(e) possess adequate knowledge of Gujarati or Hindi or both.
(f) (i) The candidate appointed by direct selection, shall during his probation period, be required to successfully complete the Divisional Officer's Course at the National Fire Service College or in the recognised institute or institution approved for the purpose:
Provided that, if the Appointing Authority is satisfied that the candidate could not successfully complete such Divisional Officer's Course in the stipulated period due to circumstances beyond his control, his probation period may be extended for one year and during the extended probation period he will have to successfully complete the training as specified by Appointing Authority.
Provided further that, if the candidate is not sent for Divisional Officer's Course due to an administrative reason, the period shall not be counted towards this stipulated period referred to in this rule.
(ii) Additional Chief Fire Officer, Rajkot Municipal Corporation who have been appointed by direct selection, shall have to successfully complete such Divisional Officer Course within two years from the date of appointment if he has not completed such Divisional Officer's Course.
Provided also that, a candidate appointed by direct selection who have already completed such Divisional Officer's Course successfully before his direct selection to the post, shall not be required to undergo such Divisional Officer's Course again.
(g) possess a valid heavy motor vehicle driving licence.
(૨) શારીરિક યોગ્યતા નીચે મુજબની રહેશે.

Appendix–A
Minimum Physical standards for the post of
Additional Chief Fire Officer, Rajkot Municipal Corporation

1. For Male Candidates.

Class	Minimum Height in Centimetres	Chest (Minimum in Centimetres)		Minimum Weight
		Deflated	Inflated	
Scheduled Tribes of Gujarat origin	160	81	86	50 kg
Candidates (Except Scheduled Tribes of Gujarat origin)	165	81	86	50 kg

NOTE: Minimum Expansion of Chest When inflated shall not be less than 5 Centimetres.

2. For Female Candidates,

Class	Minimum Height in Centimetres	Minimum Weight

	Scheduled Tribes of Gujarat origin: 154.5 / 46 kg Candidates (Except Scheduled Tribes of Gujarat origin): 157 / 46 kg 3. Candidates having any of the following physical defects shall not be fit for the post, namely:– (i) Knock Knee; (ii)Pigeon Chest; (iii) Squint Eye. (iv) Flat Feet; (v)Varicose Veins; (vi) Hammer Tees; (vii)Fractured Limb; (viii)Decayed Teeth; (ix)Communicable or (x) Skin Disease. 4. The Medical officer Shall, examine the candidate and issue the certificate of fitness taking into consideration the physical standard as mentioned above and also certify for the following matters, namely:– SHAPEI means S Psychological H Hearing A Appendage P Physical capacity for normal work E Eye sight I meant fit in all respects to perform normal professional functions under each of the above mentioned heads. – Provided that the candidate with colour blindness defects shall be considered unfit for appointment.
એડીશનલ ચીફ ફાયર ઓફિસરનું પગારધોરણ અને વયમર્યાદા:	સાતમાં પગારપંચ મુજબ પે મેટ્રિક્સ રૂ.૫૬૧૦૦–૧૭૭૫૦૦/–(પે મેટ્રિક્સ લેવલ–૧૦) વયમર્યાદા : ૨૧ થી ૪૫ વર્ષ લાયકાત ધરાવતા રાજકોટ મહાનગરપાલિકાનાં કર્મચારીઓને ઉપલી વયમર્યાદામાં કોઈ બાધ રહેશે નહી.

નોંધ : –

આ જાહેરાત દિવ્યાંગતા અનામતની જગ્યા ન હોય, દિવ્યાંગતા ધરાવતી વ્યક્તિ બિનઅનામતની જગ્યા પર ઉમેદવારી કરવા માંગે ત્યારે નીચે કોષ્ટકમાં દર્શાવ્યા મુજબની દિવ્યાંગતા ધરાવતા ઉમેદવારો જ અરજી કરવા પાત્ર છે. આ સિવાયની દિવ્યાંગતા ધરાવતા ઉમેદવારો અરજી કરવાને પાત્ર નથી, દિવ્યાંગતા ૪૦% થી ઓછી નહી અને ૭૦% થી વધુ ન હોવી જોઈએ.

ક્રમ	જગ્યાનું નામ	દિવ્યાંગતા			
૧	એડીશનલ ચીફ ફાયર ઓફિસર	A	B	C	D & E
		–	HH (40–70%)	AAV	ASD (M), SLD, MI, MD (B & C)
HH=HARD OF HEARING, AAV= ACID ATTACK VICTIM, ASD (M)= Autism Spectrum Disorder (Mild), SLD= SPECIFIC LEARNING DISABILITY, MI= MENTAL ILLNESS, MD= MULTIPLE DISABILITY					

કોમ્પ્યુટર વિષયક લાયકાત:

ગુજરાત મુલ્કી સેવા વર્ગીકરણ અને ભરતીના સામાન્ય નિયમો–૧૯૬૭ ના નિયમ–૮(૧એ) ની જોગવાઈ મુજબ કોમ્પ્યુટર એપ્લીકેશનનું મૂળભૂત જ્ઞાન ધરાવતા હોવાનું પ્રમાણપત્ર રજુ કરવાનું રહેશે. સરકારના સામાન્ય વહીવટ વિભાગના તા.૧૩/૦૮/૨૦૦૮ ના ઠરાવ ક્રમાંક :સીઆરઆર–૧૦–૨૦૦૭–૧૨૦૩૨૦–ગ.૫. સાથેના પત્રક–૧ માં દર્શાવેલ અભ્યાસક્રમને કોમ્પ્યુટરનાં બેઝીક નોલેજ તરીકે જાહેર કરેલ છે.ઉમેદવાર ગુજરાતી અને હિન્દીનું પર્યાપ્ત જ્ઞાન ધરાવતા હોવા જોઈએ.

નાગરિકત્વ :–

ઉમેદવાર,

(ક)ભારતનો નાગરિક અથવા

(ખ)નેપાળનો પ્રજાજન

(ગ)ભૂતાનનો પ્રજાજન અથવા

(ઘ)તિબેટનો નિર્વાસિત જે ભારતમાં કાયમી વસવાટ કરવાના ઈરાદાથી ૧લી જાન્યુઆરી, ૧૯૬૨ પહેલા ભારતમાં આવેલા હોવા જોઈએ અથવા

(ચ) મૂળ ભારતીય વ્યક્તિ કે જે ભારતમાં કાયમી વસવાટ કરવાના ઈરાદાથી પાકિસ્તાન, પૂર્વ પાકિસ્તાન(બાંગ્લાદેશ) બર્મા(મ્યાનમાર),શ્રીલંકા, કેન્યા, યુગાન્ડા જેવા પૂર્વ આફ્રિકાનાં દેશો, સંયુક્ત પ્રજાસત્તાક તાન્ઝાનીયા,ઝાંબીયા,

મલાવી, ઝૈર, ઇથોપિયા અથવા વિયેટનામથી સ્થળાંતર કરીને આવેલ હોવા જોઈએ. પરંતુ પેટા ક્રમાંક (ખ),(ગ),(ઘ) અને (ચ) માં આવતા ઉમેદવારોના કિસ્સામાં સરકારે પાત્રતા પ્રમાણપત્ર આપેલ હોવું જોઈએ.

અન્ય સૂચનાઓ :-

- ઉમેદવારે ઓનલાઇન અરજી ફોર્મમાં જે પાસપોર્ટ સાઇઝનો ફોટોગ્રાફ Upload કરેલ હોય, તે ફોટોગ્રાફની વધુ કોપીઓ પોતાની પાસે ભવિષ્યની પ્રક્રિયા (પરીક્ષા/ઇન્ટરવ્યુ) માટે સાચવી રાખવાની રહેશે.
- ઉમેદવારે અરજી ફોર્મમાં પોતાનો સાચો અને કાર્યરત મોબાઇલ નંબર લખવો અનિવાર્ય છે. સદરહુ જગ્યાની ભરતી પ્રક્રિયા અંગે ઉમેદવારોને કોઈ જ લેખિત પત્રવ્યવહાર કરવામાં આવશે નહીં. આગળની જાણકારી માટે RMC ની વેબ સાઇટ http://www.rmc.gov.in જોતા રહેવી.
- રાજકોટ મહાનગરપાલિકામાં ફરજ બજાવતા કર્મચારીઓએ અસલ પ્રમાણપત્રોની ચકાસણી સમયે છેલ્લા માસની પગારસ્લીપ (અને જો લાગુ પડતું હોય તો પ્રમોશનના હુકમની નકલ) અવશ્યપણે રજૂ કરવાની રહેશે.
- નિયત લાયકાત સિવાયનાં કોઇપણ ઉમેદવાર અરજી કરશે તો તે રદ્દબાતલ ઠરશે અને અરજી ફી ભરેલ હશે તો રાજકોટ મહાનગરપાલિકા દ્વારા કોઇપણ સંજોગોમાં ફી પરત આપવામાં આવશે નહી જેની ખાસ નોંધ લેશો.
- ઉમેદવારે અરજી પત્રકમાં દર્શાવેલ જન્મ તારીખમાં પાછળથી કોઇપણ કારણસર ફેરફાર થઈ શકશે નહીં.
- ઉમેદવારે ઓનલાઇન અરજીમાં જે જાતિ (કેટેગરી) દર્શાવેલ હશે તેમાં પાછળથી કેટેગરી બદલવાની રજૂઆત ગ્રાહ્ય રાખવામાં આવશે નહીં.
- ઉમેદવારોએ લેખિત પરીક્ષા/પ્રેક્ટીકલ પરીક્ષા/ ઇન્ટરવ્યુ માટે સ્વખર્ચે આવવાનું રહેશે.
- પસંદગીની પ્રક્રીયાના અધિકારો સક્ષમ સત્તા દ્વારા નક્કી કરેલ રાજકોટ મહાનગરપાલિકાની સ્ટાફ સિલેક્શન કમિટી/મ્યુનિસિપલ કમિશનરશ્રી પાસે અબાધિત રહેશે અને આ કમિટી/મ્યુનિસિપલ કમિશનરશ્રીનો નિર્ણય આખરી ગણાશે.

વયમર્યાદા :-

(૧) ઉંમર જાહેરાતમાં દર્શાવેલ અરજી સ્વીકારવાની છેલ્લી તારીખ ૧૬/૧૧/૨૦૨૬ ના રોજ ગણવામાં આવશે.

(૨) અરજી સ્વીકારવાની છેલ્લી તારીખના રોજ ઉમેદવારની ઉંમર લઘુતમ વયથી ઓછી ન હોવી જોઈએ અને વધુમાં વધુ ૪૫ વર્ષ કરતા વધારે ન હોવા જોઇએ

(૩) રાજકોટ મહાનગરપાલિકાનાં સ્ટાફ સેટઅપનાં મહેકમ પર ફરજ બજાવતા કર્મચારીઓને વયમર્યાદા લાગુ પડશે નહી

(૪)હંગામી ધોરણે/કોન્ટ્રાકટનાં કર્મચારીઓ/આઉટસોર્સિંગનાં કર્મચારીઓ તેમજ અન્ય કર્મચારીઓ કે જેઓ રાજકોટ મહાનગરપાલિકાનાં સ્ટાફ સેટઅપના મહેકમ પર ફરજ બજાવતા નથી તેઓને વયમર્યાદામાં અન્ય કોઈ છૂટછાટ મળવાપાત્ર નથી.

ના વાંધા પ્રમાણપત્ર:-

(૧) ગુજરાત સરકારના સરકારી / અર્ધ સરકારી / સરકાર હસ્તકના કોર્પોરેશન / કંપનીઓમાં સેવા બજાવતા અધિકારીઓ /કર્મચારીઓ જાહેરાતના સંદર્ભમાં બારોબાર અરજી કરી શકશે અને તેની જાણ ઉમેદવારે પોતાના વિભાગ/ખાતા/કચેરીને અરજી કર્યાની તારીખથી દિન-૭ માં અચૂક કરવાની રહેશે. જો ઉમેદવારના નિયોક્તા તરફથી અરજી મોકલવાની છેલ્લી તારીખ બાદ ૩૦ દિવસમાં અરજી કરવાની પરવાનગી નહીં આપવાની જાણ કરવામાં આવશે તો તેઓની અરજી નામંજુર કરી ઉમેદવારી રદ્દ કરવામાં આવશે.

(૨) ડોક્યુમેન્ટ વેરિફિકેશન સમયે ઉમેદવારે સક્ષમ અધિકારી દ્વારા આપવામાં આવેલ આ સાથે સામેલ નિયત નમુના મુજબનું ના વાંધા પ્રમાણપત્ર અસલમાં રજુ કરવાનું રહેશે.

ગેરલાયક ઉમેદવાર :-

(૧) સરકારી / અર્ધ સરકારી / સરકાર હસ્તકની સંસ્થાઓ દ્વારા ઉમેદવાર ક્યારેય પણ ગેરલાયક ઠરાવેલ હોય તો તેની વિગત ડોક્યુમેન્ટ વેરિફિકેશન વખતે આપવાની રહેશે. જો ઉમેદવારનો ગેરલાયકનો સમય ચાલુ હશે તો આવા ઉમેદવારની અરજી રદ થવાને પાત્ર બનશે.

અનુભવ:

(૧) માંગેલ અનુભવ, અરજી સ્વીકારવાની છેલ્લી તારીખના રોજ ગણવામાં આવશે.

(૨) જાહેરાતમાં અન્યથા જોગવાઇ કરવામાં ન આવી હોય તો જરૂરી લાયકાતો મેળવવામાં આવે તે તારીખથી, અરજી સ્વીકારવાની છેલ્લી તારીખના સંદર્ભમાં અનુભવ ગણવામાં આવશે.

(૩) ઉમેદવારે ઓનલાઈન અરજીમાં જે અનુભવ દર્શાવેલ હોય તેના સમર્થનમાં અનુભવનો સમયગાળો (દિવસ, માસ, વર્ષ), મૂળ પગાર અને કુલ પગારની વિગતો તથા બજાવેલ ફરજોનો પ્રકાર/મેળવેલ અનુભવની વિગતો સાથેનું સ્વયંસ્પષ્ટ પ્રમાણપત્ર રજુ કરવાનું રહેશે. આ પ્રમાણપત્ર માન્ય સંસ્થાના ઇન્વર્ડ/આઉટવર્ડ નંબર તથા તારીખ સાથેનું હોવું ફરજિયાત છે. માત્ર ઓફર લેટર કે એપોઇન્ટમેન્ટ લેટર અનુભવના પુરાવા તરીકે અમાન્ય ગણાશે, પરંતુ જો તેની સાથે વખતો–વખત અપાયેલ પ્રમોશનના હુકમ કે પગારસ્લિપ જેવા આધારભૂત પુરાવા રજૂ કરવામાં આવશે તો ચકાસણીને આધીન અનુભવ માન્ય ગણાશે.

(૪) ઉમેદવારે રજુ કરેલ અનુભવના પ્રમાણપત્રોમાં પાછળથી કોઈ ફેરફાર કરવાની વિનંતી માન્ય રાખવામાં આવશે નહીં. જો ઉમેદવારો દ્વારા સંપૂર્ણ વિગતો સાથેના અનુભવનું પ્રમાણપત્ર રજૂ કરવામાં આવશે નહિ, તો ઉપલબ્ધ પ્રમાણપત્ર /વિગતોના આધારે નિર્ણય કરશે. જે ઉમેદવારોને બંધનકર્તા રહેશે.

(૫) અંશકાલીન, રોજિંદા વેતનદાર, એપ્રેન્ટીસશીપ, તાલીમી, આર્ટીકલશીપ, માનદવેતન, આમંત્રિત ફેકલ્ટી, ઇન ચાર્જ (મૂળ હોદ્દા સિવાયની વધારાની કામગીરી) તરીકે ઉમેદવારે મેળવેલ અનુભવ માન્ય અનુભવ તરીકે ગણતરીમાં લેવામાં આવશે નહીં. ઉપરાંત અભ્યાસકાળ દરમિયાન મેળવેલ અનુભવ (ઉ.દા. Ph.D. દરમિયાન મેળવેલ સંશોધનનો અનુભવ, Ph.D. માટેના Senior Research fellow તથા Junior Research fellow તરીકે કરેલી કામગીરી) માન્ય રાખવામાં આવશે નહી.

અરજી ફી ભરવાની પધ્ધતિ:

- બિનઅનામત કેટેગરીના ઉમેદવારોએ અરજી ફી રૂ.૫૦૦/– ભરવાની રહેશે. આ અરજી ફી માત્ર અને માત્ર ઓનલાઈન/નેટ બેન્કિંગથી જ સ્વીકારવામાં આવશે. અરજી ફી ભર્યા બાદ ઉમેદવારે પોતાનો અરજી નં. તથા ટ્રાન્ઝેકશન આઈ.ડી.સાચવી રાખવાના રહેશે. અરજી ફી ભર્યા બાદ રીફંડ આપવામાં આવશે નહિ. ફી ભર્યા વગરની અરજી રદ્ધ થવા પાત્ર રહેશે. અરજી ફી ન ભરનાર ઉમેદવારને કોઈ પણ પ્રકારની મૌખિક ઇન્ટરવ્યુ/પ્રેક્ટીકલ ટેસ્ટ પૈકી નિમણુંક અધિકારી દ્વારા જે કાર્યપદ્ધતિ નિયત કરવામાં આવશે તેમાં બેસવા દેવામાં આવશે નહિ.

અગત્યની સૂચના :–

(૧) ઉમેદવારે ઓનલાઇન અરજી ફોર્મમાં ભરેલ વિગતો સમગ્ર ભરતી પ્રક્રિયા માટે આખરી ગણવામાં આવશે અને તેના પુરાવા રાજકોટ મહાનગરપાલિકા માંગે ત્યારે અસલમાં (પ્રમાણિત નકલો સહિત) રજુ કરવાના રહેશે. ચકાસણી દરમ્યાન ઓનલાઇન અરજી ફોર્મમાં ભરેલ વિગતો તથા પુરાવામાં ફેરફાર અથવા તફાવત જણાશે તો ઉમેદવારી રદબાતલ ગણવામાં આવશે.

(૨) ઉમેદવારોને ખાસ જણાવવાનું કે, અરજીપત્રક તથા પ્રમાણપત્રોની ચકાસણી દરમ્યાન કોઈ ઉમેદવાર, આ જગ્યાના ભરતી નિયમો, પરીક્ષા નિયમો તથા જાહેરાતની જોગવાઈ મુજબ લાયકાત ધરાવતા નથી તેમ માલૂમ પડશે તો તેમની ઉમેદવારી કોઈ પણ તબક્કે રદ કરવામાં આવશે.

(૩) અરજી કર્યા બાદ પરત ખેંચી શકાશે નહીં.

(૪) આપેલ જાહેરખબર કોઇપણ કારણોસર રદ કરવાની કે તેમાં ફેરફાર કરવાની આવશ્યકતા ઉભી થશે તો તેવા સંજોગોમાં તેમ કરવાનો રાજકોટ મહાનગરપાલિકાનો સંપૂર્ણ હક્ક/અધિકાર રહેશે અને રાજકોટ મહાનગરપાલિકા આ માટે કારણો આપવા બંધાયેલ રહેશે નહી.

(૫) સદર ખાલી પડેલ જગ્યાઓની ભરતી પ્રકીયા જે તે સમયના રોસ્ટર નિયમને આધીન કરવામાં આવશે.

(૬) જાહેરખબરમાં આવેલ અરજીઓની સંખ્યાને ધ્યાને લઇ, આગળની ભરતી પ્રક્રિયા માટે ઉમેદવારોને માન્ય ગણવા અંગે નીતિ નક્કી કરવા મ્યુનિ. કમિશનરશ્રીનો નિર્ણય આખરી ગણાશે.

(૭) જાહેરખબરમાં આવેલ અરજીઓની સંખ્યાને ધ્યાને લઇ, તમામ ઉમેદવારોને આગળની ભરતી પ્રક્રિયા માટે વિચારણામાં લેવા કે મેરીટના આધારે શોર્ટલીસ્ટ કરી આગળની ભરતી પ્રકીયા/લેખિત પરીક્ષા/પ્રેક્ટિકલ ટેસ્ટ/ઓનલાઇન પરીક્ષા માટે વિચારણામાં લેવા તે અંગે મ્યુનિસિપલ કમિશનરશ્રીનો નિર્ણય અંતિમ ગણાશે. વધુમાં, લેખિત પરીક્ષા લેવાના સંજોગોમાં

લેવાની થતી સંભવિત લેખિત/ઓનલાઈન પરીક્ષા ખ્યાતનામ સંસ્થા મારફતે જરૂર જણાયે એક કરતાં વધુ સેશનમાં/જુદા જુદા પ્રશ્નપત્રો અંતર્ગત વિભિન્ન પ્રશ્નોના સેટ મારફતે યોજવામાં આવશે. જે બાબતે ઉમેદવારો કોઈ તકરાર કરી શકશે નહી.

(૮) ઉક્ત જગ્યા વર્ગ–૦૧ ની હોવાથી, સામાન્ય સભા તથા સરકારશ્રીના શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગની મંજૂરીને આધીન રહેશે.

(૯) ઉક્ત જગ્યા પર ઉમેદવારી નોધાવવા માટે રાજકોટ મહાનગરપાલિકાની વેબસાઈટ પર ઓનલાઈન અરજી કરવાની રહેશે અન્ય કોઈ માધ્યમ મારફતે કરવામાં આવેલ અરજી રદબાતલ ગણવામાં આવશે. ઉપરોક્ત જગ્યાઓ તથા તેને લગત વધુ વિગતો www.rmc.gov.inપરથી મેળવી શકાશે.

(૧૦) ફક્ત જગ્યાની નિયત લાયકાત ધરાવતા ઉમેદવારોએ જ અરજી કરવાની રહેશે. અરજી કર્યા બાદ અરજી ફી રીફંડ થશે નહિ/પરત મળશે નહિ.

(૧૧) અરજી કરવાની છેલ્લી તારીખની સ્થિતિએ લાયકાત, અનુભવ, ઉમર અને અન્ય તમામ પ્રકારની સંલગ્ન ગણતરી કરવામાં આવશે અને ઓનલાઈન અરજીમાં ખોટી વિગતો રજુ કરનાર ઉમેદવારને ભરતીની આગળની કાર્યવાહી માટે ગેરલાયક(નોટએલીજીબલ) ગણવામાં આવશે તથા અરજી કરતી વખતે ઉમેદવારે સબમીટ કરેલ માહિતીમાં પાછળથી કોઈપણ પ્રકારના સુધારાને ધ્યાને લેવામાં આવશે નહિ.

(૧૨) ઉમેદવારોની આવેલ અરજીની સંખ્યાને ધ્યાને લઈ નિમણુંક અધિકારી દ્વારા ઉમેદવારોના મેરીટ ક્રમાંક નિયત કરવા અંગેની ઉચિત કાર્યપ્રણાલી અનુસરીને પસંદગી કરવામાં આવશે.

નીચે દર્શાવ્યા મુજબની અરજીઓ રદ કરવામાં આવશે. (આ યાદી માત્ર દષ્ટાંત સ્વરૂપે છે જે સંપૂર્ણ નથી)

(૧) અરજીમાં દર્શાવેલ વિગતો અધૂરી કે અસંગત હોય.

(૨) અરજીમાં ઉમેદવારે સહી અપલોડ કરેલ ન હોય.

(૩) અરજી ફેક્સથી અથવા ઈ–મેઈલ થી મોકલાવેલ હોય.

(૪) અરજીમાં પાસપોર્ટ સાઈઝનો ફોટોગ્રાફ અપલોડ કરેલ ન હોય.

(૫) અનામત કક્ષાના ઉમેદવારોએ અરજીપત્રક સાથે સક્ષમ અધિકારી દ્વારા અપાયેલ પ્રમાણપત્રની નકલ રજુ કરેલ ન હોય.

(૬) માજી સૈનિક ઉમેદવારે ડિસ્ચાર્જ બુકની નકલ રજુ કરેલ ન હોય

(૭) ઉમેદવારે શૈક્ષણિક લાયકાતના સંદર્ભમાં માર્કશીટ/પદવી પ્રમાણપત્રની નકલ રજુ કરેલ ન હોય.

(૮) જન્મ તારીખ માટે એસ.એસ.સી.ઈ. પ્રમાણપત્રની નકલ રજુ કરેલ ન હોય.

(૯) ઉમેદવારે અરજીપત્રકમાં અનુભવ દર્શાવેલ હોય (જેના આધારે પાત્રતા નક્કી કરવાની થતી હોય) પરંતુ તેના સમર્થનમાં પ્રમાણપત્ર રજુ કરેલ ન હોય અથવા તો રજુ કરેલ પ્રમાણપત્રમાં તેઓનો અનુભવનો સમયગાળો, મુળ પગાર, કુલ પગાર અને અનુભવનો પ્રકાર દર્શાવેલ ન હોય, અનુભવનું પ્રમાણપત્ર સંસ્થાના લેટરપેડ ઉપર ન હોય તથા સક્ષમ સત્તાધિકારીની સહી વિનાનું હોય.

(૧૦) માર્કશીટ કે ડીગ્રી સર્ટીફીકેટમાં ગ્રેડ (Grade/CGPA) દર્શાવેલ હોય અને તેનું સમકક્ષ ટકામાં રૂપાંતર કરતું માન્ય યુનિવર્સીટીનું કન્વર્ઝન કોષ્ટક રજૂ કરેલ ન હોય.

(૧૧) કોઈપણ ઉમેદવારે એક જ જગ્યા માટે એક કરતાં વધુ અરજી કરેલ હોય.

ગેરવર્તણૂંક અંગે દોષિત ઠરેલા ઉમેદવારો વિરૂધ્ધ પગલાં :–

ઉમેદવારોને આથી ચેતવણી આપવામાં આવે છે કે તેઓએ અરજીપત્રકમાં કોઈપણ પ્રકારની ખોટી માહિતી દર્શાવવી નહી, તેમજ આવશ્યક માહિતી છૂપાવવી નહી, ઉપરાંત તેઓએ રજુ કરેલ અસલ દસ્તાવેજો કે તેની પ્રમાણિત નકલમાં કોઈપણ સંજોગોમાં સુધારો અથવા ફેરફાર અથવા બીજા કોઈપણ ચેડાં કરવા નહીં અથવા તેઓએ આવા ચેડા કરેલ/બનાવટી દસ્તાવેજો રજુ કરવા નહી, જો એક જ બાબતના બે કે તેથી વધુ દસ્તાવેજોમાં અથવા તેની પ્રમાણિત નકલમાં કોઈપણ પ્રકારની અચોકસાઈ અથવા વિસંગતતા જણાય તો તે વિસંગતતાઓ બાબતની સ્પષ્ટતા રજુ કરવી. જો કોઈ ઉમેદવાર સરકાર/સરકારી સંસ્થા /અર્ધ સરકારી દ્વારા સંસ્થા દોષિત જાહેર થયેલ હોય અથવા થાય તો,

(૧) તેઓની ઉમેદવારી અંગે કોઈપણ રીતે યોગ્યતા પ્રાપ્ત કરવા

(૨) નામ બદલીને પરીક્ષા આપવી,

(૩) કોઈ અન્ય વ્યક્તિ દ્વારા છળ કપટથી કામ પુર્ણ કરાવ્યુ હોય,

(૪) બનાવટી દસ્તાવેજ રજુ કર્યા હોય, અન્ય કોઈ ચેડા કરેલ હોય,
(૫) અગત્યની બાબત છુપાવવા અથવા દોષમુકત અથવા ખોટા નિવેદનો કરેલ હોય,
(૬) તેઓની ઉમેદવારી અંગે કોઇપણ અનિયમિત કે અનુચિત ઉપાયોનો સહારો લીધો હોય,
(૭) કસોટી સમયે કોઈ અનુચિત સાધનોનો ઉપયોગ કર્યો હોય,
(૮) ઉત્તરવહી માં અશ્લીલ ભાષા કે અશિષ્ટ બાબતો સહિતની અસંગત બાબતો રજુ કરેલ હોય,
(૯) પરીક્ષા ખંડમાં કોઇપણ રીતની ગેરવર્તણૂક આચરવી,જેવી કે અન્ય ઉમેદવારની જવાબવહીની નકલ કરવી, પુસ્તક, ગાઇડ, કાપલી તેવા કોઇપણ છાપેલ કે હસ્તલિખિત સાહિત્યની મદદથી અથવા વાતચીત દ્વારા કે કોઇ સાંકેતિક રીતે નકલ કરવા કે અન્ય ઉમેદવારોને નકલ કરાવવાની ગેરરિતીઓ પૈકી કોઇપણ ગેરરીતી આચરવા માટે,
(૧૦) પરીક્ષાની કામગીરી અંગે નિયુકત થયેલા કર્મચારીઓને પજવણી કરવી, કોઇપણ પ્રકારની શારીરિક ઇજા પહોચાડવી અથવા
(૧૧) ઉપરોકત જોગવાઇઓમાં ઉલ્લેખાયેલ દરેક અથવા કોઇપણ કૃત્ય કરવા કે કરાવવા પ્રયત્ન કર્યો હોય તેણે કે સીધી અથવા આડકતરી રીતે દબાણ લાવનાર ઉમેદવાર નીચે દર્શાવેલ શિક્ષા ઉપરાંત આપોઆપ, ફોજદારી કાર્યવાહીને પાત્ર બનશે.
(ક) પસંદગીના ઉમેદવાર તરીકે ગેરલાયક ઠરાવી શકાશે, અને / અથવા
(ખ) તેને રાજકોટ મહાનગરપાલિકા લે તેવી કોઇપણ પરીક્ષા કે કોઇપણ રૂબરૂ મુલાકાત માટે કાયમી કે મુકરર મુદત માટે
(૧) રાજકોટ મહાનગરપાલિકા દ્વારા લેવાનાર કોઇપણ પરીક્ષા કે પસંદગી માટે, અને
(૨) કોઇપણ નોકરીમાંથી ગેરલાયક ઠરાવી શકાશે અને
(ગ) જો સરકારી સેવામાં અગાઉથી જ હોય તો તેના વિરુધ્ધ સમુચિત નિયમો અનુસાર શિસ્તભંગના પગલાં લઇ શકાશે.
(૧૨) ઉપરોકત વિગતોમાં નિર્દિષ્ટ કરેલ શિક્ષા કરતા પહેલા ઉમેદવારને /કર્મચારીને
(૧) આરોપનામામાં તેમની સામેના સ્પષ્ટ આરોપો અથવા કેસના પ્રકાર બાબતે,
(૨) લેખિતમાં શિક્ષા અંગે બચાવનામું– હકીકત રજુ કરવા અને
(૩) શિક્ષા અંગે નિયત સમય મર્યાદામાં રૂબરૂ રજુઆત કરવાની તક આપવામાં આવશે.

(સહિ:મહિપાલસિંહ ચુડાસમા,IAS)
નાયબ કમિશનર(મહેકમ)
રાજકોટ મહાનગરપાલિકા

ક્રમાંક: _____ તા. _____

<u>ના વાંધા પ્રમાણપત્ર</u>

આથી પ્રમાણિત કરવામાં આવે છે કે શ્રી_____ ખાતા/અત્રેની કચેરીમાં તા._____થી સતત જગ્યા પર કામ કરે છે. જગ્યાનું નામ_____

એ પણ પ્રમાણિત કરવામાં આવે છે કે જ્યારે તેઓની સરકારમાં/અત્રેની કચેરીમાં પ્રથમ નિમણૂંક કરવામાં આવી હતી ત્યારે તેઓએ જે જગ્યા માટે અરજી કરી છે તે જગ્યા માટે નિયત કરવામાં આવેલ ઉપલી વયમર્યાદાની અંદર હતા અને તેઓની નિમણૂંક માન્ય પદ્ધતિ દ્વારા હંગામી/કાયમી રીતે કરવામાં આવી છે.

જગ્યાનું નામ_____,વર્ગ-_____ની જગ્યા માટે શ્રી/શ્રીમતી_____એ અરજી કરી છે તે રાજકોટ મહાનગરપાલિકા દ્વારા વિચારણામાં લેવામાં આવે તો આ ખાતા/અત્રેની કચેરીને હરકત સરખું નથી.

કચેરી/ખાતાનાં વડાની સહી/હોદ્દો

સ્થળ : _____
તારીખ : _____

પ્રતિ,
શ્રી_____,
_____,

નકલ રવાના :-